Received on : 05-03-2026
Registered on : 05-03-2026
Decided on : 17-03-2026
Duration : Y M D
- - 13

# જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં. ૧૬૯/૨૦૨૬.**

આંક-

**અરજદાર.** ફૈઝલખાન ઉર્ફે જોયેબખાન બાદશાખાન પઠાણ,
ઉ.વ.આ.૨૮,ધંધો-વેપાર,
રહે. ગામ.દેવલદી, નવી આબાદી, ખાલુતાર,
તા.અરનોદ, જી.પ્રતાપગઢ(રાજસ્થાન).
હાલ : તાલુકા સબ જેલ, માંગરોળ.

**-:: વિરૂધ્ધ ::-**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :-** એન.ડી.પી.એસ.એકટની કલમ ૮ (સી), ૨૨(બી) તથા ૨૯ ૨૯ મુજબ.

**સંદર્ભ :-** માંગરોળ પો.સ્ટે.ગુના રજી.નં. ૧૧૨૦૩૦૩૮૨૬૦૦૧૦/૨૦૨૬

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી એ.એમ.મકરાણી.
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી એન.કે.પુરોહીત.

---

**-: ઠ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ માંગરોળ પો.સ્ટે.ગુના રજી. નં.૧૧૨૦૩૦૩૮૨૬૦૦૧૦/૨૦૨૬, એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૨(બી) તથા ૨૯ મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર

મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ. જીલ્લા સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક–૦૭ થી તપાસ કરનાર અમલદાર જે.જે.પટેલ, પોલીસ ઈન્સપેકટર, માંગરોળ પોલીસ સ્ટેશનનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી એ.એમ.મકરાણીનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, માંગરોળ પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૩૦૩૮૨૬૦૦૧૦/૨૦૨૬, એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૨(બી) તથા ૨૯ મુજબના ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલી છે. આ કામે અરજદાર/આરોપીએ ગુનાની તપાસ પ્રાથમીક તબકકામાં હોય નામંજુર કરવામાં આવેલ છે. હાલના કામના ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ છે. જેના એન.ડી.પી.એસ કેસ નં.૦૬/૨૦૨૬ રહેલ છે જે ચાર્જફ્રેમના તબકકમાં રહેલ છે. તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું ધ્યાને લેતા હાલના કામના અરજદાર/આરોપી પાસેથી કોઈ ડ્રગ્સ મળી આવેલ નથી. વધુમાં અન્ય સહઆરોપીના નિવેદનના આધારે હાલના કામના અરજદાર/આરોપીનું નામ ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે. અરજદાર/આરોપી સામે તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ એક ગુનો નોંધાયેલ હોવાની હકીકત જણાવેલ છે અને જે ગુનાના કામે અરજદાર/આરોપી જામી ઉપર મુકત છે. વધુમાં આ કામે ગુનામાં સંડોવાયેલ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો ધ્યાને લેતા ઈન્ટર મીડીયટ કવોન્ટીટીનો રહેલ છે. આ કામે ચાર્જશીટ થઈ ગયેલ હોય જેથી ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થવાની સંભાવના રહેલ નથી. જેથી જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે સામાવાળા ફરીયાદપક્ષે વિ. પી.પી. શ્રી એન.કે.પુરોહીત નાઓએ જામીન અરજી લગત વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, આ કામના ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને જેના એન.ડી.પી.એસ કેસ નં.૦૬/૨૦૨૬ રહેલ છે. જે વિધારાધીન છે. આ કામે ગુનાની ગંભીરતા ધ્યાને લેતા જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી જે.જે.પટેલ, પોલીસ ઈન્સપેકટર, માંગરોળ, પોલીસ સ્ટેશનનાઓનું આંક–૦૭ નું સોગંદનામું તથા રજુ રેકર્ડ ધ્યાને લીધુ. ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામે આરોપી નં.૧ ફારૂક હસન ખાદીમએ ગેરકાયદેસર આધાર પુરાવા વગરનો પ્રતિબંધીત મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો વેચાણ કરવા અર્થે આરોપી નં.ર નાનુ પાસેથી મેળવી રેડ દરમ્યાન આરોપી નં.૧ ફારૂક હસન ખાદીમ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો ૩.૫૮ ગ્રામ કિં.રૂા.૧૨૫૩૦/–, ખાલી જીપ બેગ નંગ–૦૫ તથા છાપાનો ટુકડો કિં.રૂા.૦૦/૦૦, તથા રીચલમી કંપનીનો તથા સેમસંગ કંપનીના મોબાઈલ ફોન નંગ–ર, કિં.રૂા.૨૦,૦૦૦/–, રોકડા રૂા.૧૩,૫૦૦/– મળી કુલ કિં.રૂા.૪૬,૦૩૦/– ના મુદદામાલ સાથે મળી આવી પકડાઈ જઈ તથા આરોપી નં.ર વાળો હાજર નહીં મળી આવી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કરેલાનો આક્ષેપ રહેલ છે.

ત્યારબાદ તપાસ દરમ્યાન હાલના કામના અરજદાર/આરોપીનાઓ ગુનાના કામે સંડોવાયેલ હોવાની હકીકત તપાસમાં ખુલતા તેઓની તા.૧૭/૦૧/૨૦૨૪ ના રોજ અટક કરવામાં આવેલ અને ત્યારથી જયુડી.કસ્ટડીમાં રહેલ છે.

(૬) હાલના કામનું રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, હાલના કામના અરજદાર/આરોપીએ અગાઉ અત્રેની કોર્ટમાં ફો.પ.અ.નં.૧૦૩/૨૦૨૬ થી જામીન અરજી કરેલ જે જામીન અરજી નામંજુર કરવામાં આવેલ છે. વધુમાં હાલના કામના

ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે તેના એન.ડી.પી.એસ કેસ નં.૦૬/૨૦૨૬ રહેલ છે. હાલના કામના અરજદાર/આરોપીએ ગુનામાં બજવેલ ભુમીકા જોવામાં આવે તો, હાલના કામના અરજદાર/આરોપીએ નહી પકડાયેલ આરોપી નાનુ ઉર્ફે નાનુરામ સન/ઓ દામજી મીના મારફતે આરોપી ફારૂક હસનભાઈ ખાદીમને અવારનવાર પ્રતિબંધિત મેફેડ્રોન ડ્રગ્સ મોકલતા રેડ દરમ્યાન આરોપી ફારૂક હસનભાઈ ખાદીમનાઓ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો ૩.૫૮ ગ્રામ, ખાલી જીપ બેગ નંગ–૦૫ તથા છાપાનો ટુકડો કિં.રૂા.૦૦/– મોબાઈલ ફોન તથા રોકડ સાથે મળી આવી પકડાઈ ગયેલ અને તે રીતે આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી ગુનામાં સંડોવાયેલ હોવાની હકીકત ફલીત થાય છે. જો કે, હાલના કામે ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે. વધુમાં આ કામે અગાઉ જામીન અરજી કરવામાં આવેલ તેમાં એક કારણ ગુનાની તપાસ ચાલુ હોવાની હકીકત ધ્યાને લેવામાં આવે લહતી. જો કે, હાલના કામના ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી પાસેથી મુદદામાલ મળી આવેલ હોય તેવું ફલીત થતું નથી. વધુમાં જામીન અરજીનો નિર્ણય કરતી વખતે આરોપીને પ્રિ–ટ્રાયલ કન્વીકશન ન થાય તે હકીકત પણ ધ્યાને લેવાની રહે છે. હાલના કામના અરજદાર/આરોપી લાંબા સમયથી જયુડી.કસ્ટડીમાં રહેલ છે. વધુમાં આ કામે ગુનામાં સંડોવાયેલ એમ.ડી.ડ્રગ્સનો જથ્થો ધ્યાને લેતા ૩.૫૮ ગ્રામ રહેલ છે. જે જથ્થો ઈન્ટર મીડીયટ કવોન્ટીટીનો રહેલ છે. વધુમાં આ કામે ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થ ઈગયેલ છે જેથી પુરાવા સાથે છેડછાડ થવાની શકયતા રહેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે હાલના કામના અરજદાર/આરોપી અન્ય રાજયના રહેવાસી છે અને ટ્રાયલ દરમ્યાન હાજર ન રહે તે બાબતે યોગ્ય તે કડક શરત કરી શકાય તેમ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીવખત આવા પ્રકારના ગુના કરશે તેવી દહેશત ફરીયાદપક્ષે રહેલ છે તો

તે બાબતે યોગ્ય કડક શરત કરી શકાય તેમ છે. વધુમાં ના.સુપ્રિમ કાર્ટના sanjay Chandra v. Central Bureau of Investigation (2012) 1 SCC 40 TYF Satender Kumar Antil v. CBI (2022 SCC OnLine SC 825) ના ચુકાદાના માર્ગદર્શક નિર્દેશન ધ્યાને લીધા. જેથી ઉપરોકત ચર્ચા મુજબ હાલના કામેના અરજદાર/આરોપીની યોગ્ય રકમના જામીન અને કડક શરતોએ જામીન અરજી મંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુકમ :-</u>**

- હાલના અરજદાર/આરોપી ફૈઝલખાન ઉર્ફે જોયેબખાન બાદશાખાન પઠાણ, રહે. ગામ.દેવલદી, નવી આબાદી, ખાલુતાર, તા.અરનોદ, જી.પ્રતાપગઢ (રાજસ્થાન)વાળાની માંગરોળ પો.સ્ટે.ગુના રજી.નં.૧૧૨૦૩૦૩૮૨૬૦૦૧૦/૨૦૨૬, એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૨(બી) તથા ૨૯ મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી 'મંજુર' કરવામાં આવે છે.

- અરજદાર/આરોપીને માંગરોળ પો.સ્ટે.ગુના રજી.નં.૧૧૨૦૩૦૩૮૨૬૦૦૧૦/૨૦૨૬, એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૨(બી) તથા ૨૯ મુજબના ગુનાના કામે રૂા. ૨૫,૦૦૦/- ના જામીન તથા જાત મુચરકો અત્રેની કોર્ટમાં રજુ કર્યેથી નીચેની શરતોને આધિન તેઓને જામીન મુકત કરવાનો આદેશ કરવામાં આવે છે.

**શરતો :**

૧. અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાક્ષીઓને ધાક ધમકી, લોભ-લાલચ કે દબાણ આપવા નહી કે કોઈપણ રીતે સંપર્ક કરવો નહી.

૨. અરજદાર/આરોપીએ પોતાના રહેઠાણનુ હાલનુ અને કાયમી સરનામુ અત્રેની અદાલત સમક્ષ દસ્તાવેજી પુરાવા સાથે જાહેર કરવુ અને સરનામુ બદલાય તો તે અંગેની અત્રેની અદાલતને જાણ કરવી. અરજદાર/આરોપીએ પોતાના મોબાઈલ નંબર તથા આધાર નંબર જાહેર કરવા.

૩. અરજદાર/આરોપીએ ભવિષ્યમાં કોઈ ગુનાહીત પ્રર્વત્તિમાં સંડોવણી થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહી.

૪. અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો નીચેની અદાલતમાં દિન–૭ માં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે સંબંધેનુ સોગંદનામુ કરવુ.

૫. અરજદાર /આરોપીએ અત્રેની અદાલતની પૂર્વ પરવાગી સિવાય ગુજરાત રાજ્યની હદ છોડવી નહી.

૬. **અરજદાર /આરોપીએ હુકમની તારીખથી છ માસ સુધી દર મહીનાની તા.૧ થી ૦૫ દરમ્યાન એક વખત અને તા.૧૬ થી ૩૦ દરમ્યાન એક વખત એમ મહિનામાં કુલ બે વાર સંબંધિત પોલિસ સ્ટેશનમાં સવારે કલાક ૧૦.૦૦ થી ૧ .૦૦ દરમ્યાન હાજરી પુરાવવી**.

– ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી આપવામાં આવેલ જામીન આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

– અરજદાર/આરોપીએ તેના જામીન અત્રેની અદાલતને સંતોષ થાય તે રીતે આપવાના રહેશે.

– આ હુકમની જાણ સબંધીત પોલિસ સ્ટેશનને કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૭/૦૩/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)